# પ્રકરણ

# ૬

(ઉપસંહાર)

# <u>ઉપસંહાર</u>

*લોકસાહિત્ય એ માનવીની આદિમ અનુભૂતિ છે. માણસે જ્યારથી સમાજમાં રહેવાની શરૂઆત કરી તે પહેલાંથી તેની પાસે પોતાના રોજિંદા જીવનના ભાવોને રજૂ કરવા તે નાચતો, ગાતો કે ચિચિયારીઓ પાડતો. કાળક્રમે આ જ વસ્તુઓ આગળ જઈને તેની મૌખિક પરંપરામાં સ્થાન પામી. તેને આપણે લોકસાહિત્ય કહી શકીએ. સમય વીતતો ગયો તેમ તેમ આ મૌખિક સાહિત્યમાં પણ પરિવર્તન આવતું ગયું.*

*તેના રોજિંદા પરાક્રમમાંથી લોકવાર્તાઓનો ઉદ્ભવ થયો તો તેના આનંદ અને દુઃખમાંથી લોકગીતોનો ઉદ્ભવ થયો. તેમાં અપાર વૈવિધ્ય પડ્યું છે - સ્વરૂપ અને ભાવનું.*

*ગેય લોકસાહિત્યમાં સ્વરૂપ વૈવિધ્યની દૃષ્ટિએ જોઈએ તો કથાગીતો, ગીતકથાઓ, રાસડા, હાલરડાં, લગ્નનાં ગીતો, રાંદલનાં ગીતો, ઉત્સવ-મેળાનાં ગીતો, વ્રતગીતો, ગોરમાનાં ગીતો, સીમંતનાં ગીતો, ખાયણાં, શ્રમકાર્યનાં ગીતો વગેરેનો સમાવેશ કરી શકાય. માણસનો જન્મ થાય ત્યારથી શરૂ કરીને એના મૃત્યુ સુધીના પ્રસંગો લોકગીતોમાં આલેખન પામે છે. જન્મની સાથે શરૂ થાય હાલરડાં. બાળકને પોઢાડવું, સ્નાનાદિ ક્રિયાઓ સાથે વીર પુરુષના જીવનપ્રસંગો સંસ્કારઘડતર માટે બાળકને હાલરડાં સંભળાવવામાં આવે છે. બાળક જ્યારે મોટું થાય અને શેરીમાં રમતું થાય તે સાથે રમતગીતોનાં જોડકણાંમાં પોતાના ભાવો રજૂ કરતું થાય.*

*કિશોરાવસ્થાએ પહોંચતાં સુધીમાં વ્રતો પ્રારંભ થાય. ફૂલકાજરી, ગૌરીવ્રત, જયાપાર્વતી, સોમવાર વગેરેમાં ઈશ્વર પ્રત્યેનો સમર્પણભાવ અને ભક્તિની સાથે સાથે ભાવિ જીવનમાં આવનાર દુઃખોનું હરણ થાય અને જીવનસાથી - સાંસરિયું સારું મળેની મનોકામના ઈશ્વર સમક્ષ રજૂ કરવામાં આવે. યુવાનીમાં પગ મૂકતાં ઉત્સવો, મેળાઓ અને જીવનની એક સુકુમાર અવસ્થા પ્રેમનો ભાવ જાગૃત થાય. મેળામાં મિલન, મેળામાં આનંદપ્રમોદને ગીતોમાં વાચા મળે.*

સજીવમાત્રને વિજાતીય આકર્ષણ હોય છે. એને આપણે સભ્ય સમાજ પ્રેમનું નામ આપીએ. મળવું, સાથે રહેવું અને છૂટું પડવું એ જીવનનો ક્રમ. આ ક્રમ પ્રેમમાં પણ જોઈ શકાય - મનગમતી વ્યક્તિ મળે એટલે પ્રેમની શરૂઆત થાય. આ જ પ્રેમ આગળ જતાં સંસારજીવનમાં પરિણામે તે સફળ દામ્પત્ય જીવનની શરૂઆત અને અંતે કુદરત, આજીવિકા કે અન્ય કોઈ કારણોસર બન્નેને છૂટું પડવું પડે તેનો વિરહ. પ્રત્યેક વ્યક્તિ આ ત્રણેય અવસ્થામાંથી પસાર થાય અને તેને ગીતોમાં રજૂ કરે. જગતનું મોટા ભાગનું સાહિત્ય આ ત્રણ ભાવો પર જ અવલંબે છે. લોકસાહિત્યનો મોટો ભાગ આ સાહિત્ય રોકે છે.

લગ્ન, સીમંત અને મૃત્યુ એ સોળ સંસ્કારોમાં અગત્યના સંસ્કારો. લોકસાહિત્યમાં લગ્નગીતો વિપુલ પ્રમાણમાં મળે. લગ્નવિધિ અંતર્ગત બીજી ઘણી વિધિઓ કરવાની હોય છે. જેમ કે, લગ્ન લખવા, માંડવો રોપવો, ચાક વધાવવો, ગોતીળો, ઉકરડી નોતરવી, જાનનું આગમન, વરનું સામૈયું, માયરા, ચોરીફેરા, કંસાર, સૌભાગ્યદાન અને કન્યાવિદાયનાં ગીતો મળે. લગ્નજીવન પછી દામ્પત્યજીવનના ફળસ્વરૂપ માતાના ઉદરમાં બાળકનું આવવું - સીમંતનાં ગીતો મળે. જીવનની અંતિમ ઘડી એટલે મૃત્યુ. વ્યક્તિની યાદમાં તેનો પરિવાર વિલાપ કરે તેને મરશિયાં કહેવાય. મરશિયાંમાં મરનાર વ્યક્તિના સ્વભાવનું વર્ણન અને એના જતા રહેવાથી પરિવારમાં પડેલ ખોટનું હૃદયદ્રાવક વર્ણન કરવામાં આવે. લોકસાહિત્યમાં જીવનની તમામ અવસ્થાઓ અને ભાવનાં ગીતો મળે.

લોકગીતોના બાહ્ય સ્વરૂપના આધારે કનુભાઈ જાની બે પ્રકાર પાડે છેઃ શાબ્દી - અશાબ્દી રચના. શાબ્દી અંતર્ગત કથ્યરૂપો અને ગેયરૂપો એવા બે પ્રકાર પાડે છે. ગેયરૂપો અંતર્ગત નિયત શાબ્દી અને અનિયત શાબ્દી રચના એવા બે પ્રકાર પાડે છે. નિયત શાબ્દી રચના અંતર્ગત આપણે દુહાઓને મૂકી શકીએ.

દુહો કવિતા પહેલાં છંદનો પ્રકાર છે. ૨૪ માત્રા અને ચાર ચરણ, પ્રથમ અને તૃતીય ચરણમાં ૧૩ અક્ષરો અને બીજા અને ચોથા ચરણમાં ૧૧ અક્ષરોનું નિયત માપ તેમાં હોય છે પણ

*તેની લોકપ્રિયતાએ તેને કવિતાનું સ્વરૂપ આપ્યું. ''દુહો એટલે છંદ નહીં પણ કવિતા, એવું લોક્સમૂહ માને છે.'' કારણ કે દુહાએ પોતાની ૨૪ માત્રામાં રહીને પણ કવિતાનાં ઉત્તમ શિખરો સર કર્યા છે. જેમ કે,*

**નેહડે નાનાં બાળ, કુંચલી ઓઢી કૂદતાં;**

**વેરાઈ ઊઠતા વાળ, પાંચકડાને પૂજતા.**

*પ્રસ્તુત દુહામાં બાળપણની નિર્દોષતાનું વર્ણન કરવામાં આવ્યું. વરસાદના દિવસોમાં કૂંચલી ઓઢીને કૂદતાં અને વેરાઈ ઊઠતા વાળ અને બાળપણમાં પાંચિકા એ સૌથી મોટી મૂડી હતી. આ બાળપણની નિર્દોષતા અનોખી છે. જે ઉત્તમ કવિતામાં સ્થાન આપે છે.*

**જોબનિયું જાતું રિયું, ઘડપણપને ઘેર;**

**ફેરો મન મોકળે, હવે કંચુકી કાંધ ધરે.**

*પ્રસ્તુત દુહામાં જતી રહેલી જુવાનીનો અફસોસ કરવામાં આવે છે. પણ જુવાની જતી રહેતા શું જતું રહ્યું તે, ' હવે ખંભા પર કંચકી ધરીને ફરોથી વર્ણવ્યું છે.' જુવાની જતી રહેતી એટલે સમાજની દષ્ટિ પણ બદલાઈ ગઈ. ઘડપણમાં વ્યક્તિની સામે પણ કોણ જુએ ? જાણે જુવાની જતી રહેવાથી સમાજની દષ્ટિથી જ ઊતરી ગયા.*

**રાતુંને રૂંગે, ભમતી હું કૂવા ભરું.**

**નેણાંને નીર, છાવર છલિયા સૂરના !**

*પ્રસ્તુત દુહામાં વિરહની વ્યથાને વર્ણવવામાં આવી છે. પ્રેમીના જતા રહેવાથી પ્રેમિકાની હાલત કેવી થઈ એ બતાવવા માટે રાતભર રોઈ રોઈને કૂવાઓ ભરે પણ એનાથી પણ આગળ કહે આંસુથી હવે તો સરોવર છલી વળ્યામાં ભાવ વધારે ઘૂંટાય છે.*

**બહુ જીવ્યો, બહુજીવવું, બહુ જીવવામાં દખ;**

**રાવણસેન સંહારતો, ઈ બેઠો અરજુન રથ.**

*પ્રસ્તુત દુહામાં જીવનનો મર્મ સમજાવવામાં આવ્યો છે કે, સમય જતાં સંસારમાં પ્રત્યેક વસ્તુ કે વ્યક્તિની કિંમત ઘટતી જાય છે. ઉપરોક્ત દુહાઓને જોતાં તેને આપણે ઉત્તમ કવિતામાં મૂક્યા વગર રહી શકતા નથી.*

*દુહાનાં ચાર ચરણો જગતનાં તમામ ક્ષેત્રને પામવા માટેની ક્ષમતા ધરાવે છે. એટલે તો કહેવાયું છે,*

*આભ ઉકેલે ભોં ભખે, વધનકો હિય વેધ;*
*અગોચર ગોચર કરે, દુહો દસમો વેદ. દુ.દ. ૩૩*

*દુહાનાં ચાર ચરણોના માપને બદલવાથી દુહો, સોરઠો, તુંવેરી, સાંકળિયો અને ખોડો એ દુહાના પ્રકારો પડે છે. અહીંયા ઉલ્લેખનીય બાબત એ છે કે આ તમામમાં માત્રાઓ તો ૨૪ જ રહે છે.*

*દુહા ગુજરાતી, હિન્દી, રાજસ્થાની અને વ્રજભાષામાં વિપુલ પ્રમાણ લખાયા છે. આ દુહા દોહરાની પરંપરા પિંગળમુનિથી શરૂ થઈ અને ઉદ્દ્યતનસૂરિના 'કુવલયમાલાકથા'માં દુહાનાં અંકુરણો જોઈ શકાય. આઠમી સદીમાં દુહો લોકસમાજમાં ફરતો થયો અને દશમી સદીમાં દુહો સમગ્ર કૃતિના ધારક તરીકે સ્થાન પામ્યો. દુહાની આ સુદીર્ઘ પરંપરાને જોતાં એક બાબત નોંધી શકાય કે દુહાએ છંદમાંથી નીકળી કવિતાનું સ્વરૂપ પ્રાપ્ત કરી લીધું; એનું કારણ દુહામાં રહેલી ભાવવિશ્વને સમાવવાની તાકાતને ગણી શકાય. દુહો કવિતાના તમામ રસમાં અને ભાવમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી શકે છે. મદઝરતો શૃંગાર દુહામાં આલેખાય છે, તો હૃદયની તીવ્ર કરુણતાને દુહો પોતાની અંદર ઝીલી શકે છે. જીવનના તમામ પ્રસંગોના આલેખનમાં દુહો પોતાની ઓળખ ઊભી કરે છે.*

*દુહાને શિષ્ટ સાહિત્યના માધ્યમથી માપીએ તો દુહામાં અલંકારો, રસ, ધ્વનિ, વક્રોક્તિ, કલ્પન, પુરાકલ્પન, પ્રતીક, શબ્દભંડોળ ભરપુર માત્રામાં જોવા મળે છે.*

*દુહાનું ભાવવિશ્વ પણ વિશાળ છે. જીવન અને પ્રકૃતિનો કોઈ પણ એવો અંશ નથી જે દુહામાં નિરૂપણ ન પામ્યો હોય. દુહાના દુહાથી લઈને બોધ-ઉપદેશના દુહાઓ સુધીનો દુહાનો વ્યાપ*

છે. દુહામાં પ્રકૃતિનું વર્ણન પણ એટલું જ અસરકાર મળે છે. ખીલતી પ્રકૃતિ, પ્રકૃતિનો જનજીવન પર પ્રભાવ પણ દુહાઓમાં આલેખવામાં આવ્યો છે.

જ્યારે કોઈ કવિતા સમગ્ર પ્રજાજીવનમાં વ્યાપી વળે ત્યારે કવિઓ કવિતા અંગેની કવિતા લખે છે. દુહાની બાબતમાં પણ આ જ વસ્તુ બનવા પામી છે. કવિઓએ મુકત મને દુહાના દુહાઓ લખ્યા છે. જે દુહાની લોકપ્રિયતા બતાવે છે. દુહો છંદ નથી, કવિતા પણ નથી, દુહો લોકશિક્ષક છે. રાહ ભૂલેલાને રાહ બતાવતો, નિરાધારનો આધાર, ભક્તોની ભક્તિ અને રાજાનો ન્યાય દુહામાં મળે છે.

ભારતીય સંસ્કૃતિમાં પ્રત્યેક વ્યક્તિ માટે મોટું આશ્વાસન, જીવનનો આધાર, કર્મનો દાતા અને સૃષ્ટિને ચલાવનાર પરમાત્મા છે. હિન્દુ ધર્મમાંથી ઈશ્વરને બાજુ પર મૂકી દઈએ તો જીવન શૂન્ય બની જાય. ઈશ્વરનો મહિમા, ઈશ્વરના અવતારો, ઈશ્વરના નામનો મહિમા, ભક્ત અને ભગવાનના સંબંધો, ઈશ્વરને અરજ અને ઈશ્વરને પામવા માટેનો સરળ માર્ગ, ઈશ્વરની ભક્તિ આદિના સુંદર દુહા મળે છે.

સંસારરથનાં બે પૈડાં સ્ત્રી અને પુરુષ છે. દુહામાં સ્ત્રી-સૌંદર્ય, સ્ત્રી-સ્વભાવ, સ્ત્રી-પ્રેમ, સ્ત્રી-પ્રશસ્તિ, સ્ત્રી-નિંદા અને પુરુષ-પરાક્રમના દુહાઓ મળે છે. તેમાં વિચારની ગંભીરતાની સાથે સાથે અલંકારોનું સૌંદર્ય અને પુરુષ-પરાક્રમનાં વર્ણનો મળે છે. પુરુષની ઓળખ એના સૌંદર્યથી નહીં પણ પરાક્રમથી થાય છે. દુહાઓમાં પણ પુરુષસૌંદર્યનું કે સ્વભાવનું નહીં પણ તેના પરાક્રમનું વીરરસપૂર્ણ વર્ણન કરવામાં આવે છે.

ગામ એટલે કોઈ એક કુટુંબ નહીં, એક જ્ઞાતિ નહીં પણ તેર તાંસળી અને અઢાર વરણનો સમૂહ. વરણ એટલે જુદી જુદી જ્ઞાતિઓ અને તાંસળી એટલે જ્ઞાતિઓની અંદરનો રોટી વ્યવહાર. પ્રત્યેક જ્ઞાતિની આગવી ખાસિયતો હોય છે, સ્વભાવલક્ષણો હોય છે. તેને લોકસમુદાયે દુહામાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. જ્ઞાતિની શાખાઓ, જ્ઞાતિના વ્યવસાયો આદિના પણ સુંદર દુહાઓ મળે છે.

માનવશરીરને પોતાની એક આગવી સંઘટના છે. પગની પીડાથી આંખમાંથી અશ્રુઓ વહે છે. આ શરીરના એકમેકના સંબંધો જ વ્યવહારની સુયોગ્યતા બતાવવા માટે દૃષ્ટાંતનું કામ કરે છે. જીભ, દાંત અને પેટ અંગેના દુહાઓ મળે છે. અન્ય અંગો સંબંધી દુહાઓ મળતા નથી.

સંસારમાં પ્રત્યેક વસ્તુઓની ત્રણ અવસ્થાઓ હોય છેઃ આદિ, મધ્ય અને અંત. જીવનમાં પણ આ ત્રણ અવસ્થાઓ જોવા મળે છે. જન્મ, યુવાની અને વૃદ્ધાવસ્થા. બાળપણની નિર્દોષતા, યુવાનીનાં પરાક્રમો અને વૃદ્ધાવસ્થાના અનુભવજ્ઞાનથી જીવન પરિપૂર્ણ બને છે. સૃષ્ટિમાં આ ક્રમ ઊગવું, ખીલવું અને કરમાવું સાથે ગણી શકાય. દુહાઓમાં પણ બાળપણ, યુવાની, યુવાનીની ક્ષણભંગુરતા અને મૃત્યુના વિલાપના દુહાઓ મળે છે. યુવાનીની ક્ષણભંગુરતાના દુહાઓ ઉત્તમ કવિતા જેવા છે. વૃદ્ધાવસ્થાએ ઊભેલો માણસ વહી ગયેલી જુવાનીને યાદ કરે તેમાં યૌવનનું પૂરેપૂરું મહત્ત્વ છુપાયેલું જોવા મળે છે.

દુહાને પ્રત્યેક કવિએ પોતાની આગવી રીતે આલેખ્યો છે. દુહામાં શૃંગારનું આગવી રીતે આલેખન થાય છે. દુહામાં મદઝરતા સંયોગ શૃંગારનું પણ આલેખન થાય છે, તો પ્રેમીઓની વિડંબનાને રજૂ કરતો હૃદયને ભેદતો વિપ્રલંભ શૃંગાર પણ આલેખન પામે છે. પ્રિયપાત્રની ગેરહાજરીમાં અનુભવાતી એકલતા, જીવનની નિરર્થકતા અને જીવનની અધૂરપને દુહાએ પોતાનામાં સમાવી છે. પ્રિય વ્યક્તિ જ્યારે સાથે નથી હોતી ત્યારે એની યાદો અને સ્મરણો સતત આવતાં રહે, અનાજ ન ભાવે, મન ન લાગે, ઊંઘ ન આવે અને ઊંઘમાં પણ એ જ વ્યક્તિનાં સ્વપ્નો આવતાં રહે.

મધ્યકાળનો સમય એટલે પુરુષપરાક્રમનો સમય. માથે કફન બાંધીને નીકળી પડતા વીરો - ગામરક્ષા, સ્ત્રીરક્ષા, ગૌરક્ષા, વચનપાલન, ખાનદાનની મર્યાદા માટે વીરો હસતાં હસતાં માથું ઉતારી આપતા. આ વીરોની પ્રશસ્તિ દુહાઓમાં આલેખન પામી છે. વીરોને યુદ્ધો માટે કવિઓએ દુહાઓ દ્વારા જ તૈયાર કર્યા હતા. યુદ્ધમાં વીરગતિ પામેલા વીરોની પ્રશસ્તિ પણ દુહાઓમાં ગાઈ છે.

માણસના પ્રત્યેક કાર્યનો આધાર તેના મન કે સ્વભાવ પર હોય છે. મન તો મરકટ સમાન છે. તે એક ક્ષણ પણ સ્થિર રહેતું નથી. મન વસમાં આવી જાય તો માણસ મહામાનવ બની શકે. મનની દોડના સુંદર દુહાઓ મળે છે. માણસની પ્રકૃતિ-સ્વભાવ જ માણસના વ્યક્તિત્વનો અરીસો છે. વાણી, વૃત્તિ, સદ્-અસદ્, આળસ, ઢોંગ, દુષ્ટતાના સુંદર દુહાઓ મળે છે.

સૃષ્ટિમાં માણસ સૌથી અલગ સજીવ છે. કારણ કે માણસ એક એવું સજીવ છે જે પોતાની સાથે-સાથે બીજાનો વિચાર કરે છે. પોતે ભૂખે રહીને પણ બીજાને ખવડાવે છે. માણસ પોતાની સાથે-સાથે બીજા માટે પણ જીવે છે. જે નીતિપૂર્ણ જીવનજીવે છે તેના જીવનને જ આપણે સાર્થક ગણીએ છીએ. માણસની માણસાઈના સુંદર દુહાઓ મળે છે.

માણસ કેટકેટલા વિચારો અને યોજનાઓ ઘડે છે પણ એ બધા સફળ થતા નથી કારણ કે દર વખતે ભાગ્ય અને સમય અનુકૂળ હોતા નથી. સમય અને નસીબ જીવનમાં પરિવર્તન લઈ આવતાં બે અલગ જ પરિબળો છે. નસીબ આગળ માણસનું કશું ચાલતું નથી અને સમય જેવું કોઈ બળવાન નથી. ભાગ્ય અને સમયની બલિહારીના સુંદર દુહાઓ મળે છે.

જ્ઞાતિ, કુટુંબ, સ્ત્રી, ગૌ, વતન, જન્મભૂમિ માટે આપેલ વીરોનાં બલિદાનોને સમાજે હંમેશા સ્મૃતિઓમાં રાખ્યાં છે - પાળિયા બનાવીને. પાળિયો માત્ર એક પથ્થર નથી પણ ભવ્ય બલિદાનનાં જીવતાંજાગતાં પ્રતીકો છે. 'ખીમરો-લોડણ' વાર્તામાં પાળિયા અંગેના અદ્ભુત દુહાઓ મળે છે.

નિર્દોષ વ્યક્તિને જ્યારે અકારણ હેરાન કરવામાં આવે ત્યારે તેના અંતરઆત્મામાંથી હેરાન કરનાર વ્યક્તિ માટે બદદુઆ નીકળે જેને ભારતીય પરંપરામાં શાપ કહેવામાં આવે છે. લોકસાહિત્યમાં સતીનો શાપ વિશેષ જોવા મળે છે. આ શાપ વ્યક્તિ, ગામ, નદી, તળાવ વગેરે સાથે જોડાયેલો જોવા મળે છે. દુહો લોકશિક્ષણનું કામ કરતો હોવાથી આ શાપના દુહાઓ દ્વારા લોકોને નીતિનો માર્ગ ચીંધવાનો પ્રયત્ન કરે છે. લોકદુહામાં વિશેષ કરીને ઊજળી, રાણક વગેરેની સાથે શાપના દુહા જોવા મળે છે.

જીવનને સુખમય બનાવવા માટે ચીજવસ્તુઓ અગત્યની વસ્તુઓ છે. વસ્તુઓને પણ માણસે એમની એમ રહેવા નથી દીધી પણ તેમાં કલાકારીગરી પણ ઉમેરવાનો પ્રયત્ન કર્યો છે. આ વસ્તુઓ પણ એનાં ગુણલક્ષણોને આધારે દૃષ્ટાંત બનીને આવે છે. કાજળ, દૂધ, મોતી, સોનું, ઘર વગેરે દૃષ્ટાંત માટે ઉત્તમ પુરવાર થાય છે. લોકદુહાઓમાં પણ આ વસ્તુઓના દુહાઓ મળે છે.

શરીરને ચલાવવા માટે ખોરાક અનિવાર્ય છે. માણસે અનાજને દેવ ગણે છે. અન્નનું અપમાન ન કરાય. ખાદ્યપદાર્થોની સ્વાસ્થ્ય માટેની અસરો પણ અલગ હોય છે. ભારતીય સંસ્કૃતિમાં અન્નદાનને જ શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. બત્રીસ ભાતનાં ભોજન, પાન-સોપારી, મુખવાસ, ધનધાન્યની લાક્ષણિકતાઓ, શાકભાજીની લાક્ષણિકતાઓના સુંદર દુહાઓ મળે છે.

માણસે અતિઆનંદ માટે વ્યસનનો આધાર લીધો છે. તમાકુ, બીડી, હોકો, ચા, દારૂ વગેરેના દુહાઓમાં વ્યંગ-કટાક્ષ અને લોકશિક્ષણનો અનુભવ થાય છે.

દુહો લોકશિક્ષણ, નીતિબોધ, વ્યવહારબોધની સાથેસાથે વ્યવહારદક્ષતા, ન્યાય પરખનું કામ કરે છે; એટલે દુહામાં સમસ્યાઓ, પ્રહેલિકાઓ, ગુરુ-શિષ્યસંવાદ, ઉખાણાં, પ્રશ્નોતરી માટે પણ દુહાનો ઉપયોગ થાય છે.

આણંદ-કરમાણંદ અને લાલા-માલાના દુહાઓમાં નીતિબોધ, વ્યવહારબોધ, વ્યવહારદક્ષતા આપવામાં આવ્યો છે. દુહાના રચનારા લોકકવિનો ઉદ્દેશ ઉત્તમ કવિતા આપવા કરતાં લોકશિક્ષણ આપવાનો વધારે રહ્યો છે. એટલે દૃષ્ટાંતબોધના દુહાઓ વધારે પ્રમાણમાં મળે છે. આ સિવાય પણ કવિતા, માતૃત્વ જેવા વિષયના દુહાઓ પણ છૂટાછવાયા જોવા મળે છે.

જીવનનો કોઈ પણ ભાગ એવો નથી જેના દુહા આપણને મળતા ન હોય. જીવનના પ્રત્યેક ક્ષેત્રના દુહાઓ આપણને મળે જ છે. એક રીતે કહીએ તો દુહો જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સમાન રૂપે ફરી વળ્યો છે.

જીવનની સાથે સાથે પ્રકૃતિ પણ એક અવિભાજ્ય અંગ છે. આપણી આસપાસની સૃષ્ટિ હંમેશા આપણા જીવનને પરિપૂર્ણ બનાવે છે. ઋતુઓનું આગમન, ઋતુઓનું ખીલવું, ઋતુઓનો

જીવન પર પ્રભાવ, વહેતી નદીઓ, પ્રદેશની ભૌગોલિક ખાસિયતો, વૃક્ષોની લીલી ઘટા અને મધુર ફળો, પક્ષીઓનો કલરવ અને કુંજારવ, ઉપર આભમાં સૂર્ય, ચંદ્ર, તારા અને નક્ષત્રો આપણા જીવન સાથે જોડાયેલાં છે. આ તમામ સિવાય આપણું જીવન અધૂરું છે.

પ્રત્યેક પ્રદેશ પોતાની ભૌગોલિકતા અને સંસ્કૃતિથી બીજા પ્રદેશ કરતાં અલગ પડે છે. સૌરાષ્ટ્રમાં ઘેડ, હાલાર, બરડો, ઓખામંડળ, કાઠિયાવાડ, ઝાલાવાડ, ગોહેલવાડ, નાઘેર, પાંચાલની સાંસ્કૃતિકતા અને ભૌગોલિકતા એકબીજાથી અલગ પડે છે. પ્રત્યેક વ્યક્તિને પોતાની જન્મભૂમિ સ્વર્ગથી પણ વધારે પ્રિય હોય છે. એટલે પ્રત્યેક કવિઓએ પોતાની જન્મભૂમિનાં ગુણગાન ગાયાં છે. દુહાઓમાં પણ પ્રત્યેક પ્રદેશ પોતાની આગવી લાક્ષણિકતા સાથે આલેખન પામ્યો છે. સ્થાનિક લોકોનાં રીત-રિવાજો, પ્રાકૃતિક વિશેષતાનું સુંદર આલેખન જોવા મળે છે.

માણસ અને પ્રાણીઓ વચ્ચે સંબંધ સદીઓ જૂનો રહ્યો છે. આજીવિકાના સાધન તરીકે માણસે પ્રાણીઓનો ઉપયોગ કર્યો છે. તો ક્યાંક તેની દેવ ગણીને પૂજા પણ કરી છે. પ્રાણીની તાકાત અને સાહસથી પ્રભાવિત પણ થયો છે. ગાય, ઘોડો, બળદ, કૂતરો, બિલાડી જેવા પ્રાણીઓ માણસની નજીક રહ્યાં છે. સિંહ જંગલી પ્રાણી હોવા છતાં તેની તાકાત માણસ માટે આકર્ષણનું કેન્દ્ર રહી એટલે વીરપુરુષો માટે સિંહ શબ્દપ્રયોગ અને ક્ષત્રિય જ્ઞાતિમાં નામની પાછળ સિંહ લખવાનું પ્રચલિત થયું છે. આ બધા પ્રાણીઓ વિષયક સુંદર દુહા મળે છે.

માણસની આસપાસ રહેતાં રંગીન પક્ષીઓ તેનાં રૂપ, રંગ અને અવાજથી પ્રભાવિત કરતાં રહ્યાં છે. કબૂતરનું ભોળપણ, મોરનો રંગ, કોયલનો ટહુકો, કુંજના કલરવ તો ઘરઆંગણાનાં પક્ષીઓ સાથેની નીકટતા લોકસાહિત્યમાં ઊતરી આવી છે. ઊડી જતાં પંખીની પાંખો લઈને પિયુને મળવા જવું કે સમુદ્ર પાર કરી દૂર દેશાવરમાંથી આવતા પક્ષીઓને સંદેશો લઈ જવા વિનંતી કરવીમાં માણસનો પક્ષી સાથે નિકટનો સંબંધ દેખાય છે. લોકદુહાઓમાં પણ મોર, કોયલ, કાગડો, કબૂતર, બપૈયો, સુઘરી, કુંજ જેવા પક્ષીઓના સુંદર દુહાઓ મળે છે.

શાસ્ત્રોમાં વૃક્ષોને દેવો ગણવામાં આવ્યાં છે. તુલસી, પીપળો, વડલો જેવાં વૃક્ષોને પવિત્ર ગણવામાં આવ્યાં છે. દુહાઓમાં પણ કવિઓએ વૃક્ષોનાં મનભરીને વખાણ કર્યાં છે.

નદીને લોકમાતા તરીકે લોકસમુદાયે માન આપ્યું છે. ગામની નાની અમસ્તી નદી પણ લોકો માટે તો પૂજ્ય જ હોય છે. નદી કોઈ નિર્જીવ વસ્તુ કે પાણીનો માત્ર સ્રોત નથી પણ દેવી છે. નદી વિશે લોકકથાઓ પણ મળે છે. નદીનું સૌંદર્ય અને હરિયાળી લોકકવિને હંમેશા આકર્ષતી રહી છે. પ્રત્યેક લોકકવિએ પોતાની આસપાસની નદી માટે દુહાઓ લખ્યા છે.

જીવનનો સંપૂર્ણ આનંદ માણવા માટે ઋતુઓ અગત્યની છે. ઋતુનું આગમન, ઋતુનું ખીલવું, ઋતુની જીવન પર અસર અને ઋતુની પ્રકૃતિ પર અસરના સુંદર દુહાઓ મળે છે. વિશેષ દુહાઓ તો વર્ષાઋતુના મળે છે. તેની પાછળનું કારણ એ છે કે, મોટા ભાગનો જનસમુદાય ખેતી પર આધારિત હતો, ખેતી માટે જરૂરી પાણી વરસાદથી મળે. વરસાદ ન પડે તો જીવવું મુશ્કેલ થઈ જાય, એટલે જ વરસાદના વરતારા, વરસાદનું આગમન, વરસાદમાં ખીલતી પ્રકૃતિ સાથે-સાથે જીવનનો ઉત્સાહ પણ લોકસાહિત્યમાં મન ભરીને ગાવામાં આવ્યો છે. લોકદુહાઓમાં પણ પ્રત્યેક ઋતુના સુંદર દુહા મળે છે.

ખગોળ માણસ માટે હંમેશા આકર્ષણનો વિષય રહ્યો છે. સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્ર, ગ્રહો વગેરેને માણસના જીવન પર અસર કરતા બતાવ્યા છે. સૂર્ય અને ચંદ્રને પવિત્ર ગણીને પૂજ્યા છે. ક્ષત્રિયોમાં સૂર્ય કુળદેવતા તરીકે પૂજાય છે એટલે સૂર્ય આરાધનાના દુહાઓ મળે છે.

સમગ્ર રીતે જોતાં જીવન કે પ્રકૃતિનો કોઈ એવો અંશ નથી જેના દુહા મળતા ન હોય એટલે જ દુહાને દશમો વેદ ગણવામાં આવ્યો છે. દુહોએ ગહનમાં ગહન વિષયથી લઈને હાસ્યરમૂજ સુધીમાં પોતાનું કામણ પાથર્યું છે.